**આંક–૪.**

**શ્રી એસ.ડબલ્યુ.વાઘ, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત.**

**રેફરન્સ(ટી) નં. ૬૧/૨૦૧૫**

**પ્રથમ પક્ષકાર :** તબીબી અધિકક્ષકશ્રી,
નવીસીવીલ હોસ્પીટલ,
સુરત.

**વિરૂદ્ધ**

**બીજા પક્ષકાર :** શ્રીમતી કિર્તીબેન પરેશભાઈ રાઠોડ,
રહે. સગરામપુરા, ગોટાલાવાડી, ઘર નં. ૧૮૯૯, આનંદ નગર પાસે, સુરત.

**પ્રતિનિધિત્વ :** પ્રથમ પક્ષકાર તરફે ....કોઈ હાજર નથી.
બીજા પક્ષકાર તરફે .... કોઈ હાજર નથી.

**એવોર્ડ**

હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત,સુરતનાઓએ તેમની કચેરીનાં તા.૨૨/૦૬/૨૦૧૫ નાં હુકમ નં.કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/ ૧૪૩/૨૦૧૫ થી ધી આઈ. ડી. એકટ ૧૯૪૭ ની કલમ–૧૦(૧) ની જોગવાઈ અન્વયે ઉપસ્થિત કરી અનુસુચિમાં જણાવ્યા મુજબની ઔદ્યોગિક તકરારનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવા સારું અત્રે સુપ્રત કરેલ છે.

**અનુસૂચિ**

કામદાર શ્રીમતી કિર્તીબેન પરેશભાઈ રાઠોડને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

૨. સદર રેફરન્સ કોર્ટને હવાલે આવ્યા બાદ બીજા પક્ષકારને તેમનું માંગણાનું નિવેદન રજુ કરવાની ધોરણસરની નોટીસ બજાવવામાં આવેલ,જે બજવા છતાં બીજા પક્ષકારે તેઓનું માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. આથી પ્રથમ પક્ષકારની આંક–૩ ની અરજીથી બીજા પક્ષકારનો માંગણાનું નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે કોઈ હાજર થયેલ નથી આથી તેઓનો જવાબ રજુ કરવાનો હકક આંક–૧ પર હુકમ કરી બંધ કરવામાં આવેલ છે. સદર કામે બીજા પક્ષકારનો પોકાર પાડતા કોઈ હાજર થયેલ નથી જેથી બીજા પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હકક આંક–૧ ની અરજી પર હુકમ કરી બંધ કરવામાં આવેલ છે. તેવી જ રીતે પ્રથમ પક્ષકાર તરફે પણ કોઈ હાજર ન થતાં પ્રથમ પક્ષકારનો પુરાવાનો હકક બંધ કરવાાં આવેલ છે.

૩. ત્યારબાદ સદર કામ દલીલ પર રાખવામાં આવતા બંન્ને પક્ષકારો તરફે કોઈ હાજર થયેલ ન હોય તેઓનો દલીલનો સ્ટેજ આંક–૧ પર હુકમ કરી બંધ કરવામાં આવેલ હોય,સદર કામનો નિર્ણય ગુણદોષ પર કરવામાં આવેલ છે.

૪. આમ બીજા પક્ષકાર કેસની સુનાવણીના તબકકાઓમાં હાજર રહેલ નથી. બીજા પક્ષકારને તેમનું માંગણાનું નિવેદન રજુ કરવાની પૂરતી તકો આપવા છતાં બીજા પક્ષકાર તરફે તેમના માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. તેથી સદર રેફરન્સ બીજા પક્ષકારના માંગણાના નિવેદન તથા પુરાવાના અભાવે રદ થવાને પાત્ર છે. તેમજ બીજા પક્ષકારે મદદનીશ આયુકતશ્રી, સુરત સમક્ષ તેઓની ફરીયાદમાં તેઓને પ્રથમ

પક્ષકારે તેઓને નોકરીમાંથી છુટા કર્યાનો ચોકકસ તારીખ જણાવેલ નથી પરંતુ સને ૨૦૧૩ માં નોકરીમાંથી છુટા કર્યાનું જણાવેલ છે.મજકુર હકિકતો બીજા પક્ષકારે માંગણાનું નિવેદન રજુ કરી કે તેના સમર્થનમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરવું જોઈએ,પરંતુ બીજા પક્ષકારે તેમ કરેલ નથી.આ ઉપરાંત અદાલતમાં સુનાવણીના તબકકાઓમાં પણ બીજા પક્ષકાર સતત ગેરહાજર રહેલ છે. આમ, કેસની હકિકત જોતાં બીજા પક્ષકાર તેઓની ફરીયાદમાં  માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર થતા નથી. બીજા પક્ષકારનો રેફરન્સ માંગણાનું નિવેદન તથા પુરાવાના અભાવે નામંજુર થવાને પાત્ર હોય આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ  નામંજુર કરવામાં આવે છે.

૨. રેફરન્સના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સુરત.
તા.૩૦/૦૧/૨૦૧૯

**(સુનિલ વામન વાઘ)**
પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત.
U.I.C.NO.GJ01258